# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-10-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## કંડલા – મુન્દ્રા સિક્સ લેન્ડ

**કેન્દ્ર સરકાર દ્વારા કચ્છને રોડ માળખાકીય ક્ષેત્રે મોટી ભેટ આપવામાં આવી છે. નેશનલ હાઈવે-41 પર કંડલા અને મુન્દ્રા પોર્ટને જોડતા 57.80 કિલોમીટર લાંબા માર્ગને 6-લેન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે, જેના માટે 991.19 કરોડ રૂપિયાના ખર્ચને મંજૂર કરવામાં આવ્યો છે.**

**આ પ્રોજેક્ટ અંતર્ગત નવા ફ્લાયઓવર, અંડરપાસ, પુલોનું પુનઃનિર્માણ અને વિશેષ સલામતીનાં પગલાં લેવામાં આવશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સોશ્યલ મીડિયા પર આ જાહેરાત કરી છે.**

**આ મંજૂરી બદલ કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી અને કેન્દ્ર સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દીનદયાળ પોર્ટ અને મુન્દ્રા પોર્ટને જોડતો આ માર્ગ કચ્છના આર્થિક વિકાસની કરોડરજ્જુ સમાન છે, આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી મુસાફરીના સમયમાં 20% ઘટાડો થશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે અને કચ્છ દેશના અગ્રણી બંદર આધારિત લોજિસ્ટિક કેન્દ્ર તરીકે મજબૂત બનશે.**

**--------------------------------------------------------------------------------**

## શ્રમિક અન્નપૂર્ણા યોજના કેન્દ્ર લોકાર્પણ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રાજ્યના ૨૮ જિલ્લાઓમાં 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'ના ૧૦૧ નવા કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કર્યું છે. આ પ્રસંગે તેમણે અમદાવાદના ચાણક્યપુરી બ્રિજ ખાતે આવેલા કેન્દ્ર પર શ્રમિકોને ભોજન પીરસીને તેમની સાથે સંવાદ સાધ્યો હતો. આ નવા વિસ્તરણ સાથે હવે રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓમાં કુલ ૩૯૪ કેન્દ્રો દ્વારા શ્રમિકોને પૌષ્ટિક ભોજનનો લાભ મળી રહેશે.**

**કચ્છ જિલ્લામાં પણ આ યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. અંજારના દેવળિયા નાકા ખાતે કડીયાનાકા શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રનો શુભારંભ ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે કરવામાં આવ્યો હતો.**

**આ ઉપરાંત, ગાંધીધામમાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ સુંદરપુરી પાણીની ટાંકી પાસે અને ભુજ શહેરમાં ધારાસભ્ય કેશુભાઈ પટેલે જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે નવા ભોજન વિતરણ કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો. સાથે જ સ્થાનિક મહાનુભાવો દ્વારા આદિપુર અને રાપર ખાતે પણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા.**

**ઉલ્લેખનીય છે કે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઈ-નિર્માણ પોર્ટલમાં નોંધાયેલા શ્રમિકોને આ યોજનાનો લાભ મળે છે. આ યોજના અંતર્ગત માત્ર ૫ રૂપિયામાં શ્રમિક અને તેના પરિવારને પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે.**

**------------------------------------------------------------------------------------------**

## <u>સેવા સંકલ્પ અભિયાન શ્રેણા – મુદ્રા યોજના</u>

***<u>પ્રધાનમંત્રી નરેન્દ્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ થયા છે. સુશાસન અને જનસેવાના મંત્ર સાથે સરકાર વિકસિત ભારતના નિર્માણ તરફ આગળ વધી રહી છે. આજે અમારી વિશેષ શ્રેણીમાં જાણીશું કે પ્રધાનમંત્રી મુદ્રા યોજના વિશે</u>***

**(વોઇસ કાસ્ટ : પરેશ મારૂ)**

*વર્ષ ૨૦૧૫માં શરૂ કરાયેલી 'પ્રધાનમંત્રી મુદ્રા યોજના' એ દેશના નાના અને મધ્યમ ઉદ્યોગોને આર્થિક રીતે સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ યોજના દ્વારા નાના વેપારીઓને પોતાનો ધંધો શરૂ કરવા કે આગળ વધારવા માટે કોઈપણ પ્રકારની ગીરવી મૂક્યા વગર સહેલાઈથી લોન મળે છે*

*આ યોજનાના કુલ ધિરાણમાંથી ૬૮% લોન મહિલાઓને અને ૫૧% લોન SC, ST તથા OBC વર્ગના ધિરાણકર્તાઓને આપવામાં આવી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયના એક સર્વે મુજબ, મુદ્રા યોજનાએ વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ વચ્ચે ૧.૧૨ કરોડ જેટલી નવી રોજગારીનું સર્જન કર્યું છે, જે સાબિત કરે છે કે આ યોજના માત્ર ઉદ્યોગો જ નહીં પરંતુ આજીવિકા પણ ઊભી કરી રહી છે.*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકારનો દેશના દરેક શહેર, ગામ અને દરેક ઘર સુધી ઉદ્યોગસાહસિકો તૈયાર કરવાનો છે*

**(બાઇટ : પ્રધાનમંત્રી મોદી)**

*સમયની સાથે આ યોજનાની મર્યાદા અને વ્યાપમાં પણ વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૪માં મુદ્રા લોનની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે, જેથી સફળ ઉદ્યોગસાહસિકો વધુ મોટા પાયે લોન મેળવીને પોતાના વ્યવસાયને વધુ ઊંચાઈએ લઈ જઈ શકે.*

**પરેશ મારૂ, આકાશવાણી સમાચારભુજ**

**-----------------------------------------------------------------------------------------**

## ભુજ નગરપાલિકા સામાન્ય સભા

**ભુજ નગરપાલિકાની સામાન્ય સભામાં વર્ષ 2025-26ના 66.43 કરોડના વાર્ષિક હિસાબો, ત્રિમાસિક હિસાબો અને શહેરની સુખાકારીના વિવિધ 117 ઠરાવોને સર્વાનુમતે બહાલી અપાઈ હતી. ટાઉનહોલ ખાતે મળેલી સભામાં વરસાદી નાળાં સફાઈ માટે 19.42 લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.**

**આ બેઠકમાં 1.48 કરોડના ખર્ચે ઓપન એર થિયેટરનું રિનોવેશન, 122 લાખના ખર્ચે આઠ નવા બોર બનાવવા, રસ્તાનાં કામો, બગીચાની સુવિધા અને છઠ્ઠા પગારપંચના એરિયર્સના ચૂકવણા સહિતના મુખ્ય ઠરાવોને મંજૂરી આપવામાં આવી હતી**

**-----------------------------------------------------------------------------------------**